# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ,સુરત, (ISO 9001:2008 Certified)
Phone No: (0261) 2662903, Fax No: 2662902,
Email Id:suratdeo@gmail.com

---

જા.નં./ફાયર સેફ્ટી/૨૦૨૧/૨૪૯-૬૯ તા.[illegible]/૧૦/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ મા.અને ઉ.મા.શાળાઓ,
સુરત.જિ.સુરત.

**વિષય** : ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર આપવા બાબત.
**સંદર્ભ** : કમીશ્નરશ્રી, શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક : જમીન બાંધકામ/નવી બાબત/૨૦૨૧/૧૪૧૯-૧૪૫૪ તા.૦૮.૧૦.૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપની શાળામાં ફાયર સેફ્ટી અંતર્ગત તમામ સુવિધા ઉપલબ્ધ છે તે બાબ્તનું શાળાનું પ્રમાણપત્ર અત્રેની કચેરીને તા.૨૮.૧૦.૨૦૨૧ સુધીમાં અત્રેની કચેરીમાં રૂબરૂમાં જમા કરાવવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત.જિ.સુરત.

Scanned with CamScanner

# કમિશનર શાળાઓની કચેરી

## બ્લોક નં. ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક : જમીન બાંધકામ /નવી બાબત/૨૦૨૧/ ૨૪૧૯-૧૪૫૪ તા. ૮/૧૦/૨૦૨૧

વિષય :-ફાયર સેફટીના સાધનો લગાવવા બાબત.

પરિપત્રઃ-

અત્રેની કચેરીના તા.૧૫/૦૬/૨૦૨૧ના પત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની તમામ કચેરીઓને તઓના હસ્તકની તમામ સરકારી/ગ્રાન્ટેડ મા. અને ઉચ્ચતર મા.શાળાઓમાં ફાયર સેફટીના NOC બાબતે તથા તે માટે લગાવવાના થતા ફાયર સેફટીના સાધનો માટેની વિગતો મોકલાવેલ છે.

આ ઉપરાંત ફાયર ઓફિસર દ્વારા વખતો વખત ફાયર સેફટીના કેવા અને કયાં કયાં સાધનો લગાવવાના થાય તે બાબતે સૂચનાઓ આપવામાં આવતી હોય છે. તથા જે બાબતથી આપ અવગત હશો.

વધુમાં રાજયની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ નિયમાનુસાર ફાયર સેફટીના સાધનો લગાવવાના થાય છે. જે બાબતે બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને. ઉ.માધ્યમિક શાળાઓના ઈતર ખર્ચ માટે માન્ય ખર્ચની યાદી શિ.વિ.ના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ ક્રમાંકઃ-બમશ/૧૧૯૯/૭૪૧(૩)-ગ માં પરિશિષ્ટ-૨માં જણાવ્યા મુજબ ક્રમ નં-૪૬ શાળાના સંચાલન માટે 'સંચાલક મંડળે ઉપર વિગતો સિવાય કરેલ વ્યાજબી ખર્ચાઓ' માંથી ખર્ચ કરવાની જોગવાઇ છે જ માટે તે મુજબ કરી તમામ શાળાઓમાં નિયમાનુસાર ફાયર ઈક્વીપમેન્ટ સત્વરે લગાવી આપના તાબાની તમામ શાળાઓ નિયમાનુસાર ફાયર સેફટીના તમામ સાધનો ધરાવે છે તેનું શાળાની યાદી સહીતનું જિલ્લા શિક્ષણાધિકારીનું સહી સિક્કા વાળું પ્રમાણપત્ર અત્રેની કચેરીને દિન-૧૦ માં મોકલી આપવાનું રહેશે.

Chaudhari.

સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણ:- અત્રેની કચેરીનો તા.૧૫/૦૬/૨૦૨૧ નો પત્ર તથા તેનું બિડાણ

**નકલ સવિનય રવાના -**

૧. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેકટર-૧૭, ગુ.રા. ગાંધીનગર

**નકલ રવાના જાણ તથા અમલ સારૂ:**

૧.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ.
૨.બિન સરકારી ગ્રાન્ટેડ મા. અને ઉ.મા.શાળાઓના સંચાલકશ્રી, આચાર્યશ્રી તમામ.
(જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી મારફતે).

Scanned with CamScanner